# 25

**છોટાઉદેપુર જીલ્લામાં ઓરસંગ નદી ઉપર પુલ બનાવવા બાબત**

* 15/4/2038: શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી(સંખેડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ઓરસંગ નદી ઉપર કયા સ્થળે કેટલી રકમના કેટલા અંદાજ સાથે પુલ બાંધવાની મંજુરી ક્યારે મળી, અને | (૧) | જોજવા ઢેબરપુરા ઉપર પુલ બનાવવા માટે રૂ.૩૬.૩૬ કરોડની મંજૂરી તા.૦૬/૧૦/૨૦૨૨થી આપેલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ પુલ બાંધવાની કાર્યવાહી કયા તબક્કામાં છે? | (૨) | ઉક્ત સ્થિતિએ પુલના વિગતવાર અંદાજો તાંત્રિક મંજૂરીની પ્રક્રિયા હેઠળ હતા. |

| | |
|---|---|
| પ્રશ્ન-૧ | સૂચિત બ્રિજની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવનાર છે ? |
| જવાબ-૧ | સદર બ્રિજ માટે હાલ ટેન્ડર માંગેલ છે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી, બ્રિજની કામગીરી ચાલુ કરવાનું આયોજન છે. |

| | |
|---|---|
| પ્રશ્ન-૨ | આ પુલ બનાવવાથી કયા બે રાજ્યધોરી માર્ગો જોડાશે ? |
| જવાબ-૨ | આ પુલ બનવાથી રાજ્ય મા. મ વિભાગ હસ્તકના સંખેડા-માંકણી મોડસર રોડ કી. મી ૦/૦ થી ૧૭/૪ (એમ.ડી. આર) તેમજ ડભોઇ -બોડેલી રોડ કી. મી ૪૫/૦ થી ૬૯/૩ (એસ. એચ-૧૧) માર્ગો જોડાશે. |

| | |
|---|---|
| પ્રશ્ન-૩ | આ પુલ બનવાથી કેટલા ગામો/પરા ની કેટલી વસ્તીને લાભ મળશે? |
| જવાબ-૩ | આ પુલ બનવાથી કુલ- ૧૦૫ ગામો /પરા ના કુલ ૮૧,૭૪૦ લોકોને લાભ મળશે. |